| Volume 5
| Issue 1 (compiled)
| March 2023

The International Journal
ISSN 2581-4354

# પન્નાલાલ પટેલની નવલકથાઓમાં ગ્રામપ્રદેશનું આલેખન

**AbbasAli H. Suthar***

*Assistant Professor, Maktabah Jafariyah knowledge & Research Academy, Sedrana**

**પૂર્વભૂમિકા :**
માનવસમાજ એ સાહિત્ય સાથે સંકળાયેલો છે. સમાજમાં જે પણ ઘટના બને તે સાહિત્યમાં સર્જન વડે પ્રદર્શિત થાય છે. માનવી ગામડામાં હોય કે શહેરમાં હોય એ સમાજમાં રહેતો હોય છે. સમાજ સંસ્કૃતિ તેની ભાષા, બોલી, પહેરવેશ અને વર્તન તમામ સમાજની સંસ્કૃતિના અંગ તરીકે ગણવામાં આવે છે. સાહિત્યમાં માનવ તથા સમાજનું ચિત્ર પ્રસ્તુત થાય છે. આપણે વિશ્વ સાહિત્યમાં નજર કરીએ તો ઘણી કૃતિઓ સમાજનિરૂપણ કરતી જોવા મળશે. ગુજરાતી સાહિત્યમાં પણ ગ્રામીણ પ્રદેશની કથાઓને પ્રદર્શિત કરતી કૃતિઓ આપવામાં દૂર રહ્યું નથી. આ સંશોધનપત્રમાં ગુજરાતી સાહિત્યમાં પ્રમુખ નવલકથાકાર પન્નાલાલ પટેલની પ્રસિદ્ધ નવલકથાઓમાં ગ્રામપ્રદેશનું આલેખન સંશોધન કરવાનો ઉપક્રમ છે.

**ચાવીરૂપ શબ્દો :** પન્નાલાલ પટેલનું જીવન- સાહિત્ય, નવલકથાની કથાવસ્તુમાં વિશેષતા, ગ્રામપ્રદેશનું ચિત્રણ, લોકબોલી, તળપદી ભાષા, માનવ સ્વભાવ, જાનપદી જીવનશૈલી.

**સર્જક પરિચય :**
'ગુજરાતી ભાષાનો ચમત્કાર' તરીકે પ્રસિદ્ધ પામનાર સર્જક પન્નાલાલ પટેલનો જન્મ ૭ મે ૧૯૧૨ માંડલી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ નાનાલાલ અને માતાનું નામ હીરાબા હતું. તેમના પિતા ધાર્મિક પુસ્તકોના વાચક તથા કથાગાયક હતા. પન્નાલાલનું ઘર ગામમાં 'વિદ્યાનું ઘર' તરીકે ઓળખાતું હતું. તેમના શૈશવકાળમાં સાંભળેલી લોકકથાઓ, ધાર્મિકકથાઓ તેમના સાહિત્ય રુચિમાં વધારો કરવા માટે પ્રેરક પરિબળ તરીકે ગણી શકાય છે. તેમનું બાળપણ ગામની શેરીઓ અને ખેતરોની પ્રકૃતિના ખોળે ખીલ્યું છે. તેમના પ્રારંભિક પ્રાથમિક શિક્ષણની ઈડરની સરપ્રતાપ હાઈસ્કૂલમાં મેળવ્યું. અભ્યાસ પછીના જીવનમાં અનેક સંકટો તથા સંઘર્ષથી ભરેલું છે. તેમના જીવનના આવા કઠીન સંઘર્ષોમાંથી પન્નામાંથી પન્નાલાલ સુધી પહોંચાડે છે. તેમના આવા અનેક સામાજિક પ્રસંગોમાંથી આપણને નવી નવી કથાઓ પ્રાપ્ત થઈ છે. તેમના સાહિત્યમાં લોકમાનસ તથા ગ્રામીણ પ્રદેશની વિશેષતા આપવાની આગવી પ્રતિભાથી ૬૦ કરતાં વધારે નવલકથાઓ અને સાડા ચારસો જેટલી ટૂંકી વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં પ્રદાન કરવામાં સફળ રહ્યા છે.

પન્નાલાલ પટેલ ગુજરાતી સાહિત્યમાં નવલકથા, ટૂંકીવાર્તા, નાટ્યકાર તથા સંસ્મરણાત્મક ગદ્યના લેખક તરીકે ખ્યાતી પામ્યા છે. તેમના સાહિત્ય સર્જનનો આરંભ 'શેઠની શારદા' વાર્તાથી કરે છે. તેમને પ્રથમ 'વળામણાં' ઉત્તમ નવલકથા ઈ.સ.૧૯૪૦માં પ્રગટ થાય છે, તે પછી ફક્ત ૨૦દિવસમાં લખાયેલી 'મળેલાજીવ'થી સાહિત્યમાં સર્જક ખ્યાતપાત્ર બન્યા

છે. તેમના સાહિત્યની વિશેષતાઓ ધ્યાનમાં લેતાં ગ્રામીણ જીવન મહત્ત્વનું છે.

## પન્નાલાલ પટેલની નવલકથાઓમાં ગ્રામપ્રદેશનું આલેખન :

પન્નાલાલ પટેલની નવલકથાઓમાં ગ્રામપ્રદેશના તત્ત્વ મહત્ત્વનું છે. ગુજરાતીમાં અન્ય સર્જકો કરતાં પન્નાલાલ પટેલનું સાહિત્યમાં આપણને ગ્રામપ્રદેશ કેન્દ્રસ્થાને રહેલુ જોવા મળે છે, તે જોતા તેમની નવલકથાઓમાં ગ્રામજીવનને પ્રસ્તુત કરતાં પ્રસંગોમાં વાસ્તવિકતાનું દર્શન, પાત્રોની ઉદારતાથી કુટીરતા સુધીના માનવ સ્વભાવોની કડીઓમાં ગૂંથાયેલા પ્રસંગોનું નિરૂપણ. ગ્રામીણ સમાજના માનવસંબંધોના આલેખનમાં પ્રણયસંબંધ, માતૃવાત્સલ્યભાવ, મૈત્રીસંબંધો તથા દારુણવેદનાને તેમને નવલકથામાં કેન્દ્રસ્થાને મૂક્યા છે. તેમની પાસે ગ્રામીણ પ્રદેશમાં સમાજની સાથે સાથે કથાને આગળ વધારવાની તેમની કોઠાસૂઝ સાહિત્યને રસપ્રદ બનાવે છે. તેમની પ્રસિદ્ધ નવલકથાને આધારે ગ્રામ પ્રદેશનું આલેખન જોઈએ.

### 'વળામણાં'

પન્નાલાલ પટેલની પ્રથમ નવલકથા 'વળામણાં' છે. જે વર્ષે ૧૯૪૦માં પ્રગટ થયેલી કૃતિ છે. નવલકથાના કથામાં કેન્દ્રમાં ઝમકુ અને મનોરમુખીની સામાજિક પ્રસંગોનું વર્ણન કરીને ગ્રામીણ સમાજનું જીવંત કર્યું છે. પન્નાલાલે અહીં કોઈ નિશ્ચિત જનપદનો ઉલ્લેખ કરેલો નથી, પરંતુ નવલકથાનો પરિવેશ જોતાં આપણને એમ લાગે છે કે ગુજરાતના ઈશાનિયા ખૂણે આવેલા કોઈ ગ્રામપ્રદેશની આ કથા છે.નવલકથાના આરંભમાં આવતું  ગ્રામપ્રદેશનું આલેખન ધ્યાનાકર્ષક છે.

"શિયાળાની રાતના આઠેકનો સુમાર છે. ઠંડીનો એટલો બધો ચમકારો છે કે સહુ કોઈ પોતપોતાના ઘેર જ, કોઈ ચોપાડમાં લાગતા તાપણાએ તો કોઈ ચૂલા આગળ બેસીને, ટાઢ ઉડાડી રહ્યા છે. ખેતરે સૂવા જનારા પણ વેળાસર રવાના થઈ ગયા છે. ગામની સ્ત્રીઓ હજી પરવારી હોય તેમ નથી લાગતું. કોઈ કોઈ મકાનમાં હાંલ્લાં ધોવાનો અવાજ ખરર ખરર આવે છે. આખા દિવસનાં થાક્યાંપાક્યાં બાળકો માતાને બદલે તેના સાડલાની સોડ લઈ ગોદડીઓની નીચે ભરાઈ ઊંઘી ગયાં છે."

આ પ્રકારનું જીવંત શબ્દચિત્ર આપીને ગામડાનું ચિત્ર વાચકવર્ગ આગળ ખડું કર્યું છે. આ વર્ણન જોતાં તેમની ઘટનાઓમાં ગ્રામીણ સંસ્કૃતિ જોવા મળે છે. ઝમકુંના બાળલગ્ન થયેલા હોય અને યુવાનીમાં પ્રવેશ્યા પછી તેમના સાસરીયામાં મોકલવામાં આવવું, સ્ત્રી પર પુરુષોની ક્રુરતા તથા સત્તા પ્રગટ કરીને અભણ સમાજની રિવાજો રજૂ કર્યાં છે. ઝમકુનું પાત્ર નવલકથાના કેન્દ્રમાં રહ્યું છે. તેના પતિની ક્રુરતાથી ત્રાસીને પિયરમાં આવી જવું, ગામડામાં આવેલ બ્રાહ્મણ તલાટીમાં ઘરે કામ કરવા જવું, ત્યાં બ્રાહ્મણ અને ઝમકુની જ્ઞાતિ વચ્ચેના સંબંધોથી તેમના સંબંધોને સમાજ માન્ય નથી રાખતો એ પણ પરિવેશ ગામના ચિત્રને ઊભું કરે છે.

નવલકથામાં આગળ વધતાં ગામમાં મનોરદા મુખી જેવું પાત્ર પણ ગામની સત્તા સૂચવે છે. મુખી સ્વભાવે સત્તાધીશ બનીને તેનું વર્તન અનુકુળ છે ઝમકુંને ગામડાથી અમદાવાદ જેવા શહેરોના દુષણોમાં ઝમકુંને ધકેલવાની તૈયારી બતાવતો મનોરમુખી. ઝમકુંના ચહેરામાં પોતાની દીકરીનો ચહેરો જોઈને દીકરી માનીને તેમાં વળામણાં કરવા જેવા પ્રસંગો ગામડાના સમાજજીવનને જીવંત કરી દે છે. મનોરદા મુખી તેની સત્તા અને દયાળું ચહેરો બતાવીને ઝમકુંને અમરસિંહ જેવા પાત્ર સાથે વળાવવાની તૈયારી બતાવતો અને ત્રણસો રૂપિયાની લાલચમાં પોતાના મનને મનાવતો મનોરમુખી એક ગ્રામીણ સત્તાધીશ વ્યક્તિ તરીકે મહત્ત્વનો ચહેરો પ્રદર્શિત કરવામાં પન્નાલાલ સફળ નીવડ્યા છે એમ માની શકાય. પન્નાલાલે નવલકથામાં વાપરેલી ભાષા તળપદી છે. પન્નાલાલ પાસે વાર્તા કહેવાની નૈસર્ગિક પ્રતિભા છે. ઈડર બાજુનો ગ્રામપ્રદેશ, એના માણસોની સરળતા, નિખાલસતા, વેરઝેર અને દાવપેચમાંથી ઊભી થતી જીવનની વક્રતાને પન્નાલાલે આ નવલકથામાં આસ્વાદ્ય રીતે જીવંત સ્વરૂપ આપ્યું છે.

પન્નાલાલ પટેલ નવલકથાના પ્રસંગો સાથે સાથે ગામડાની પરિસ્થિતિ ઉભી કરતા પાત્રોના સંબંધો, સ્થળ -કાળ તથા ભાષાશૈલી આપી છે. જે તે પ્રદેશની લોકબોલી, કહેવતો તથા રૂઢિપ્રયોગોને પણ કામે લગાડી દીધા છે. તેવા ભાષાના આવતા વિવિધ ઉદાહરણો તેમની નવલકથામાં પસાર થતાં આપણને માલૂમ પડે છે. જેમકે;

"તમને ખબર છે ? એક કે'વત છે કે,
'અલ્યા તારી મા તો નાતરે ગઈ'
પેલો કે'છે : 'ઘણું ખોટું થયું !'
'અલ્યા પણ પાછી આવી !'
પેલો કે'છે :
'એ તો વળી એનાથી ખોટું – ડૂબી મરવા જેવું થયું !' – એના જેવી વાત છે."
ઝમકું : 'બળ્યું ત્યાં મને કોઈ નઈ સંઘરે તો ! કૂવો તો સંઘરશેને !'
'દબાયો વાણિયો નમતું જોખે.'
'કોઈ કાંઈ કોઈના દાંતોનું ચાવેલું નથી ખાતું.'
"પાપનો ઘડો કાંતો ફુટી જાય"
'ઊલમાંથી ચૂલમાં પડી – એમાં શું રંધાયું !'

આવી તળપદી ભાષા-સંવાદોના આવવાથી સમય અને સ્થળ પાત્રઅનુરૂપ ભાષા બદલાતી રહે છે. ગ્રામજીવનના આલેખન કરતાં કથાવસ્તુ અને વાતાવરણ અનુરૂપ પરિસ્થિતિનું નિર્માણ કરવામાં પન્નાલાલ પટેલ સફળ રહ્યા છે.

**'મળેલાજીવ'**

પન્નાલાલ પટેલની પ્રમુખ નવલકથાઓમાં અગ્રસ્થાને મૂકી શકાય તેવી નવલકથા 'મળેલાજીવ' ઈ.સ.૧૯૪૪માં ૨૨ દિવસમાં લખાયેલી તેમની આ નવલકથામાં પન્નાલાલની સર્જનશક્તિના ઉચ્ચ વર્ગમાં સુધી પહોંચાડે તેવી છે. 'મળેલાજીવ' એક પ્રણય કથા છે. આ નવલકથામાં પણ 'વળામણાં'ની જેમ ગ્રામીણ જીવન પરિવેશને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે. કાનજી અને જેવી આ નવલકથાના મુખ્ય પાત્રો છે. પન્નાલાલે અહીં કોઈ નિશ્ચિત જનપદ કે સ્થળનો ઉલ્લેખ કરેલો નથી, પરંતુ નવલકથાનો પરિવેશ જોતાં આપણને એમ લાગે છે કે ગુજરાતના ઈશાનિયા ખૂણે આવેલા કોઈ ગ્રામપ્રદેશની આ કથા છે. નવલકથાના આરંભમાં આવતું ગ્રામપ્રદેશનું આલેખન ધ્યાનાકર્ષક છે. ઈડર બાજુનો ગ્રામપ્રદેશ, એના માણસોની સ્વભાવ સરળતા, નિખાલસતા, વેરઝેર અને દાવપેચમાંથી ઊભી થતી જીવનની વક્રતાને પન્નાલાલે આ નવલકથા 'મળેલાજીવ'માં આસ્વાદ્ય રીતે જીવંત સ્વરૂપ આપ્યું છે. ગ્રામીણ પરિવેશને ઉભો કરવામાં લોકબોલીને કામે લગાડી છે. જેથી નવલકથા સંપૂર્ણ રીતે ગ્રામીણ સમાજનો ધબકાર અનુભવાય છે.

'મળેલાજીવ'ના આરંભ ગ્રામીણ સંસ્કૃતિનું આલેખન કરતાં લોકમેળામાં જતા યુવાનોની વાતોથી કરવામાં આવ્યો છે. કાનજી તેના મિત્ર ધૂળિયા સાથે મેળાનું વર્ણન. કાનજી મેળામાં ચકડોળમાં બેસવાની ઘટના જાણે કે તેના જીવનની ચકડોળમાં ફરવા લાગે એવું પ્રતિબિંબ કર્યું છે. લોકમેળાના ઉત્સવનું મહત્વ કેટલું છે ? અને કેટલું હોય ? તેની વાત ગામડાનો લોકસમાજને જ ખબર હોય છે. કથામાં આવતા 'ભમતીમાતા'ના પ્રસંગોનું ઝીણપૂર્વક વર્ણન, ઉનાળો-શિયાળો અને ચોમાસુ દિવસોમાં પ્રકૃતિના ચિત્રણ, શરદપૂનમ અને એવા બીજા લોકોત્સવોની રેખાઓ તેમના તળપદી ભાષાથી કરવામાં આવ્યા છે. નવલકથામાં આવતા પ્રદેશોમાં ઈશાનિયા દેશ, મકાઈનાખેતરો, ભાત ભાતના મનેખ, લાલ પીળા છોગાં પહેરતા જુવાન મોટિયારો, બુશર્ટ અને ચણિયો પહેરતી યુવતીઓ, છીંકણીઓ સૂંઘતા બૈરાં કે હોકા ગગડાવતા આદમીઓ વગેરેના પ્રસંગ વર્ણનો ગામડાના જીવનને જીવંત કરે છે.

'મળેલાજીવ'માં આવતા પાત્રોની ભાષા-સંવાદોમાં તળપદી બોલીના લહેકાઓથી ગ્રામીણ પ્રદેશની સંસ્કૃતિ પ્રગટ થાય છે. કાનજી અને જીવી એકબીજાથી અપરિચિત છે, છતાં જીવી તેની વાતનો આરંભ કરે છે, તે જોઈ શકાય;

જીવી - 'આ પાવા તો દેખાડવા રાખ્યા છે કે વગાડવા?'
કાનજી – 'પે'લાં દેખાડવા ને પછી વગાડવાં'

ઉપરના કાનજીના જવાબમાં તેનું વાક્ચાતુર્ય જોવા મળે છે. જીવીનો સંગાથ કરવા કાનજી ઝડપ કરે છે, ત્યારે જીવીની બહેનપણી મણી બોલે છે;
'આદમીનો સંગાથ જ ખોટો.'

'ભલું હોય તો અરધી વાટે જ મૂકીને ચાલવા માંડે'
'હેંડજો પાછા ઝટ ; બીડી પિવાણા થઈ ગયા છો તે !'

આવા સંવાદોથી સ્ત્રી સ્વભાવની લાક્ષણિકતાઓ પ્રતીત થાય છે. એક સ્ત્રી બીજી સ્ત્રી રસ્તામાં જવા માટે સંગાથ માંગવાની ટેવ જેવા ગ્રામીણ સ્વભાવના કેટલાય ગુણો પ્રદર્શિત કરવાની સાથે સાથે ભાષાના તળપદા શબ્દોની હાળમાળ હેંડતું, નેંદવું, ફેંડાણું અને ટંટાળી વગેરે શબ્દો જોઈ શકાય છે.

આમ, 'મળેલાજીવ' નવલકથામાં ગ્રામપ્રદેશના આલેખન રૂપે માનવ પાત્રોના સ્વભાવ, વર્તન, ગામડાના ઉત્સવો, સમાજના રીતરિવાજો, બંધનો, જ્ઞાતિ પંચાયતો, પહેરવેશ, ભાષા – લોકબોલી, લોકગીતો, આજુ બાજુના ખેતરોના નયનરમ્ય દ્રશ્યો ઉભા કરીને ગ્રામીણ જીવનને પન્નાલાલ પટેલે શબ્દોથી જીવંત કરી દીધા છે.

### 'માનવીની ભવાઈ'

પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' નવલકથા ઈ.સ.૧૯૪૭માં પ્રગટ થાય છે. આ નવલકથા ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયેલો છે. તેની વિષયવસ્તુ ૨૬ પ્રકરણમાં વહેંચવામાં આવ્યું છે. નવલકથાના કેન્દ્રમાં ગ્રામીણ પ્રદેશનું આલેખન છે. આ કથાવસ્તુના કેન્દ્રમાં ગામડાના લોકો, પ્રદેશ, પ્રકૃતિ સાથેના માનવીના સંબંધ દર્શાવવામાં આવ્યા છે. ગામડામાં લોકોનો સંપૂર્ણ આશ્રય ખેતી સાથે હોય છે, અને ખેતી, પ્રકૃતિ સાથે કેવું અનુકૂલન સાધે છે. તેનું વર્ણન પણ કરવામાં આવ્યું છે.

નવલકથાનું કથાવસ્તુ માનવ જાતની કરુણા તરફ વાળવામાં આવી છે. દુકાળની કરુણા વ્યક્ત કરતાં ખેડૂતોએ પોતે જ ઉત્પન્ન કરેલું અનાજ લેવા કતારમાં ઉભા રહેવું પડે છે. આ પ્રસંગ કાળુંના સામાજિક જાગૃત્તિનો પ્રતિનિધિ બનાવવામાં સર્જક રહ્યા છે. કથાવસ્તુમાં આવતા ગ્રામીણ સમાજના માણસોની સ્વભાવ સરળતા, રીતરિવાજો, રૂઢિઓ, નાત, અદેખાઈ, અંગ્રેજ તથા ઉજળિયાત વર્ગ દ્વારા થતું નિમ્ન સમાજના લોકોનું શોષણ અને બે જ્ઞાતિઓ વચ્ચે વેરઝેર અને દાવપેચમાંથી ઊભી થતી જીવનની વક્રતાને વગેરે સમાજના અનેક નકારાત્મક પાસાઓની ભૂમિકાનું સર્જન કરીને નવલકથામાં કથા પ્રવેગ આગળ વધતાં જોવા મળે છે.

ગ્રામીણ પરિવેશને ઉભો કરવામાં લોકબોલીને કામે લગાડી છે. જેથી નવલકથા સંપૂર્ણ રીતે ગ્રામીણ સમાજનો ધબકાર અનુભવાય છે.

નવલકથામાં પ્રસંગો સાથે સાથે ગ્રામીણ પ્રદેશની ઉજાગર કરતા ભાષા વાચક વર્ગને ધ્યાન ખેંચે એવું છે. તળપદી બોલીને પ્રયોગ કરીને આખું વાતાવરણ ગામડાનું ઊભું કર્યું છે. ઉત્તર ગુજરાતની ભાષા - લોકબોલી શબ્દો, રુઢિપ્રયોગો અને કહેવતો ઉપયોગ કરીને આવા કરુણ દુકાળ જેવા પ્રસંગમાં લોક હ્રદયને કરુણતા સુધી પહોંચાડીને તેને પ્રણયના શિખર ઉપર બેસાડવામાં ગ્રામીણ જીવનના ધબકારાને જીવંત કર્યો છે.

'માનવીની ભવાઈ'માં આવતા વર્ણનોમાંથી પસાર થઈએ તો આપણને ગ્રામીણ લોકબોલી, સંસ્કારો, લોકગીતો, માનવીના પહેરવેશ, રીતભાતની માન્યતાઓ જેવા અનેક દ્રષ્ટાંતો જોવા મળે છે. જેમાંથી કેટલાક અહિયાં આપવામાં આવ્યા છે. તે જોઈ શકાય;

'માનવીની ભવાઈ'માં આવતા મુખ્ય પાત્ર કાળુંનો બાહ્ય દેખાવનું વર્ણન કર્યું છે તે જોઈ શકાય;

'મધ્યમ કદનાને પહોળાં કાંઠાવાળા કાળુંએ છોગું મૂકીને રાતું ફાળિયું બાંધ્યું છે. કાનમાં મરવાના ફૂલ ખોસ્યાં છે, તે હાથમાં તીરકામઠું છે.'

'કારતકમાં પ્રાત:કાળ મોહક લાગે ચગે. અરુણ પાછળ

ઉષા આવે છે. ગુલાલ ઉડાડતી, ચારે કોર કુમકુમ વેરતી વાદળોના ડુંગરે ડુંગરે ધૂમતીને ફૂલડાં વીણી ખોળે ભરતી.'

આવા વર્ણનો આપીને ગ્રામીણજીવનના વાતાવરણને ખડું કરવામાં સર્જક પન્નાલાલ પટેલ સફળ નીવડ્યા છે. આ નવલકથાના કથાવસ્તુમાં આવતા ગાણાં – ગીતો, રાસડા ઉપરથી ગ્રામીણ જીવન છલકાય છે.જેવાકે;

"વર્ષો વ્યાજના જાય, મનખો માણ્યો નથી રે લોલ,
જીવડો ઝંખતો જાય, અરેરે માણ્યો નથી રે લોલ."
"રડી હસાડે હસી રડાવે એ વેવાણ ભવાયો,
જીવતરનુંય એવું વલોણું, લઈ લો વેવાઈ રવાયો."

વગેરે આવી રીતે લોકગીતો દ્વારા ભાષામાં રૂઢીપ્રયોગ, કહેવતો અને લોકોક્તિકઓ પણ પ્રયોજી છે. જે નવલકથામાં ગ્રામીણ પરિવેશનું નિર્માણ કરવામાં ભાષા મદદગાર બની રહે છે. તેના કેટલાક દ્રષ્ટાંતો આ મુજબ છે;

'ઘેડી ગાયને ગળે ટોકરો'
'ડુંગરા રૂઠયા ત્યાં શરણું કોનું શોધે ?'
'આભ ફાટ્યાં પછી થીંગડાં ક્યાં દે ?'
'મામાનું ઘર કેટલે ? દીવો બળે એટલે.'

આમ, પન્નાલાલ પટેલની ત્રણેય પુરસ્કૃત નવલકથામાં કથાવસ્તુ, વાતાવરણ, પાત્રોના પરિવેશ, ભાષા, લોકબોલી, જીવનશૈલી, ઉત્સવો, સમાજમાં જ્ઞાતિવ્યવસ્થા અને અન્ય સામાજિક અંગોથી જાનપદી નવલકથા બનીને સફળ થઈ છે. તેમાં પન્નાલાલ પટેલ સર્જક તરીકે લોકજીભે તથા સાહિત્યમાં ગુજરાતના ઈશાનિયા ખૂણાના ઈડરિયા પ્રદેશના ગ્રામીણ જીવનને સાહિત્યના માધ્યમ વડે પ્રદર્શિત કરવામાં સફળ રહ્યા છે. તેનાથી ગુજરાતી ગ્રામીણ સંસ્કૃતિને જીવંત રાખવામાં આ સાહિત્યકૃતિઓ સક્ષમ બની રહેશે તેવું મારું માનવું છે.

**સંદર્ભ સુચિ :**


૧. બ્રહ્મભટ્ટ ડૉ.પ્રસાદ (૨૦૧૫) - અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પાશ્ર્વ પબ્લિકેશન, અમદાવાદ.
૨. દાવલપુરા બાબુ (૨૦૧૬) - પન્નાલાલ પટેલ વ્યક્તિત્વ અને વાઙ્મય, પાશ્ર્વ પબ્લિકેશન, અમદાવાદ.
૩. પટેલ પન્નાલાલ (૨૦૧૮) - 'વળામણાં', સંજીવની પ્રકાશન, અમદાવાદ.
૪. પટેલ પન્નાલાલ (૨૦૨૦) - 'મળેલાજીવ', સંજીવની પ્રકાશન, અમદાવાદ.
૫. પટેલ પન્નાલાલ (૨૦૧૩) - 'માનવીની ભવાઈ', સાધના પ્રકાશન, અમદાવાદ.